# સરકારી શાળાના શિક્ષકોમાં પોતાનાં સંતાનોને પ્રાઈવેટ શાળામાં મૂકવાનો ક્રેઝ...

પ્રાંતિજ, તા. ૮

ગુજરાત સરકાર દિનપ્રતિદિન શિક્ષણનો વ્યાપ વધારવાના ઉદ્દેશથી સરકારી પ્રાથમિક શાળાઓમાં તમામ પ્રકારની સુવિધાઓ પુરી પાડી રહી છે અને શિક્ષણનું સ્તર ઊંચુ લાવવા પ્રયત્નો કરી રહી છે. ત્યારે આ જ સરકારી પ્રાથમિક શાળામાંથી તગડો પગાર મેળવતા શિક્ષકો પોતાના સંતાનોને નજીકના ટાઉનપ્લેસની પ્રાઈવેટ સ્કૂલોમાં ભણવા માટે મોકલી રહ્યા છે. અને સરકારી શાળાઓનું શિક્ષણ નબળુ હોવાનું જાણે કે શિક્ષકો જ પુરવાર કરી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર પ્રાથમિક શાળાઓમાં અપાતા શિક્ષણમાં આધુનિકતા આવે તેમજ બાળકોને યોગ્ય શિક્ષણ મળે તે માટે ગુજરાત સરકાર ગુજરાતની સરકારી શાળાઓમાં ગુણોત્સવ, શિક્ષકો માટેના તાલીમ વર્ગો તેમજ અન્ય ઘણી યોજનાઓ અમલમાં મુકી છે. અને દિનપ્રતિદિન શિક્ષણનું સ્તર સુધરે તે માટે સતત પ્રયત્ન કરી રહી છે. ત્યારે આજ સરકારી પ્રાથમિક માધ્યમિક શાળાઓમાં નોકરી કરતા તેમજ સરકારનો તગડો પગાર લેતા મોટા ભાગના શિક્ષકો પોતાના બાળકને પોતાની શાળામાં નહીં પરંતુ ટાઉનપ્લેસની પ્રાઈવેટ સ્કૂલોમાં વધારે ફી ચૂકવીને ભણવા મોકલે છે ત્યારે હાલ ચર્ચાનો વિષય એ છે કે શિક્ષકો પોતાના બાળકોને ખાનગી શાળાઓમાં ભણાવે છે. તો શું સરકારી શાળામાં અપાતુ શિક્ષણ નબળું છે ? આથી સરકારી શાળામાં ભણતા બાળકોના વાલીઓ પણ પોતાના બાળકોને ખાનગી સ્કૂલોમાં મુકવા મજબુર બન્યા છે. પરિણામે સરકારી શાળાઓમાં દિનપ્રતિદિન વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. ત્યારે આવા શિક્ષકો જેને પોતાના શિક્ષણ ઉપર જ વિશ્વાસ નથી તેવા શિક્ષકો ઉપર ખરેખર પગલા ભરવા જોઈએ તેમ સ્થાનિકના મુખે ચર્ચાઈ રહ્યું છે.

# બ્લેકબેરી મોબાઈલની માગ ન સંતોષાતા ઘર છોડીને ગયેલો તરુણ પરત ફર્યો

તલોદ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના પડુસણ ગામનો દસ દિવસથી ગુમ થયેલ 'ટિનએજર' વિદ્યાર્થી વિશાલ પ્રજાપતિ હેમખેમ મળી આવતાં તેના વાલીઓ અને પોલીસે રાહતનો દમ લીધો છે. તેની બ્લેકબેરી મોબાઈલ ફોનની કથિત માંગ અને જીદ તેના પિતાએ પુરી ન કરતાં તે ઘરબાર છોડી ચાલ્યો ગયો હોવાનું હાલ તો પોલીસ તપાસમાં બહાર આવેલ છે. કોઈને કંઈપણ જાણ કર્યા વિના વિશાલ આમ ગુમ થઈ જતાં અનેક રહસ્યોના વમળો પેદા થયા હતા. તેણે બહારથી ઘરે કરેલ ફોન તેની ભાળ મેળવવામાં સફળ રહ્યો હતો. તેણે કરેલા ફોનના લોકેશનની વિગત જાણી તલોદ પોલીસ તાબડતોબ લોકેશન મુજબના ચિલોડા ચાર રસ્તા પંથકની ઢાબા હોટલ ખાતે પહોંચી ગઈ હતી. જ્યાંથી વિશાલનો કબજો મેળવવામાં અને આખરે તેના માવતરને સલામત રીતે સોંપી દેવામાં તલોદ પો.સ.ઈન્સ. વી.વી. ઓડેદરાની ટીમે સફળતા હાંસલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, તલોદ તાલુકાના પડુસણ ગામનો રહીશ અને નરોડા નજીકના વહેલાલ ખાતેની એન્જીનીયરીંગ કોલેજના સેકન્ડ સેમેસ્ટરનો વિદ્યાર્થી વિશાલ પ્રકાશભાઈ પ્રજાપતિ (ઉં.વ. ૧૮) ગત્ તા. ૨૮-૫ સોમવારે પરીક્ષા આપી ઘરે પડુસણ આવ્યા બાદ પોતાનો મોબાઈલ ફોન ઘેર મુકીને કોઈને કંઈ પણ જાણ કર્યા વિના સાંજે ૫.૩૦ વાગે ઘર છોડી નીકળી ગયો હતો. પહેલાં તો ઘરના સભ્યોએ વિશાલ મિત્રો સાથે ગામમાં ગયો હશે તેમ માનેલુ. પરંતુ જમવાના અને સુવાના સમયે પણ તે ઘરે પરત ન ફરતાં સહજભાવે તેના માવતર અને સ્વજનો ભારે ચિંતાતુર બન્યા હતી.

વિશાલના પિતા પ્રકાશભાઈએ સ્વજનોના સથવારે વિશાલની ભાળ મેળવવા ભૂખ-તરસ વેઠીને રાત-દિવસ હૈયાદોટા કર્યા હતા. 'મા'નું હૈયું પણ દિકરાને હેમખેમ પરત આવે તો જોવા સતત વલોપાત કરતું હતું. દિવસો પસાર થતા ગયા. પરંતુ વિશાલનો પત્તો ન મળતાં વિષાદના વાદળો ઘેરાયા હતા. તેના પરિવારજનોને કે પોલીસને વિશાલનો અત્તોપત્તો મળ્યો ન હતો. દરમ્યાન વિશાલે એક વ્યક્તિના મોબાઈલ ફોન દ્વારા ઘરે ફોન કરતાં તેની જાણ તપાસ અધિકારી એવા પો.સ.ઈન્સ. વી.વી. ઓડેદરાને કરતાં જ ઓડેદરાએ તેના કોલની વિગતો મંગાવી લોકેશન જાણી લીધું હતું. જે કોલનું લોકેશન ચિલોડા ચાર રસ્તા પંથકની એક ઢાબા હોટલનું હોવાનું આખરે જાણવા મળ્યું હતું.

બાદ તાબડતોબ તલોદ-હરસોલ પોલીસની ટુકડી લોકેશનના સ્થળે દોડી પહોંચી હતી જ્યાંથી વિશાલનો પત્તો મળી આવ્યો હતો. પોલીસે વિશાલને તલોદ લાવી તેના માતા-પિતાને સોપ્યો હતો અને અંતે પોલીસ અને માતા-પિતાએ રાહતનો દમ લીધો હતો.




કાંકરેજ તાલુકાના શિહોરી થરા-હાઈ વે નં. ૧૪ પર છેલ્લા ઘણા સમયથી નાના-મોટા અકસ્માતોની વણથંભી વણઝાર થઈ રહી છે ત્યારે આ જ માર્ગ પર આજે એક કમાન્ડર જીપ ચાલકે પોતાની જીપ બેદરકારીપૂર્વક હંકારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં આશરે ૧૨ વર્ષનો માસુમ કિશોર મોતને ભેટયો હતો જે દશ્ય નજરે પડે છે. (તસવીર : હેમુભા વાઘેલા)

# ચંદ્રાલા પાસે વાહન ચેકિંગ દરમ્યાન ટ્રક-ટક્કર અકસ્માતમાં પોલીસકર્મીનું કરૂણ મોત

## પોલીસ બેડામાં શોક-આઘાત સાથે પોલીસ સલામતી અંગે ચિંતાનું મોજું



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં પૂર્વ વિસ્તારમાં ચિલોડા પંથકના મુખ્યમાર્ગો ચિલોડા-હિંમતનગર, દહેગામ-લવારપુર-શાહપુર-બાસન,પાલજ, પ્રાંતિયા જેવા જાહેર માર્ગો પર દિન-રાત ખાનગી લોડીંગ વાહનો તેમજ અસંખ્ય અન્ય વાહનોની ભારે અવરજવર વધતાં લોકોની જાન સામે ખતરો પેદા થયો છે.

ઉપરાંત આ વિસ્તારમાં ટ્રાફિક નિયમન ગતિ નિયંત્રણ, જાહેર જાનમાલનું રક્ષણ, જાહેર સલામતીમાં કાયદો-વ્યવસ્થાની જાળવણી, માર્ગ સલામતી, સરકારી બંદોબસ્ત જેવા અસંખ્ય નીતનવા કાર્યક્રમમાં વિશેષ જવાબદારીમાં હરહંમેશ પોલીસતંત્રના કર્મચારી વ્યસ્ત રહેતાં મોડીરાત્રે સઘન પેટ્રોલીંગ તથા વાહનચેકીંગમાં હાથ-પગ અને હૈયુ સાથે ફરજ બજાવવા કટીબદ્ધ રહેતાં પોલીસકર્મીઓ માટે અકસ્માતોના ભોગ બનતા સ્વસલામતીની સમસ્યા અંગે અનેક પ્રશ્નાર્થો વિચાર માગી લે તેવો સવાલ છે.

હજુ શાહપુર-બાસન માર્ગ પર તાજેતરમાં થયેલ અકસ્માતમાં પોલીસ જમાદારનું દુ:ખદ અવસાનની શાહી હજુયે શુકાઈ નથી તેવામાં ચિલોડા વિસ્તારમાં ચંદ્રાલા ગામે થયેલ પોલીસકર્મીનું દુ:ખદ અવસાનથી સમગ્ર પંથકમાં શોક અને આઘાતની લાગણી પ્રસરી જવા પામી હતી. ટ્રકના પૈડાં નીચે પોલીસકર્મી આવી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દરમ્યાન ટ્રક-ચાલક ચિલોડા તરફ ટ્રક લઈ ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે હે.કો. તથા પો.કો. સુભાષભાઈ તથા ઈશ્વરભાઈ દેસાઈએ અકસ્માત નિહાળતાં તુરત જ મોબાઈલ વાનમાં બેસી અકસ્માત ટ્રકને રોકી હતી. આમ અકસ્માતના ભોગ બનનાર શ્રી ઈશ્વરભાઈ કરશનભાઈ દેસાઈના ચહેરાનો જમણો ભાગ તથા જમણા પગની સાથળને ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે કરૂણ મોત નીપજ્યું હતું. આ ગંભીર અકસ્માત અંગે રાજેશકુમાર હરીહર ભટ્ટ ઘોડાસર, અમદાવાદના ફરિયાદના આધારે ટ્રકચાલક રાજેશકુમાર વૈજનાથ દુબે રહેવાસી ચંન્દ્રપુર, તા. જી. ઈટાવા (ઉ.પ્રદેશ)ની વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુનો નોંધી ટ્રક કબજે કરી ઈપીકો તથા એમ.વી. એકટ મુજબની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ટ્રકચાલકની ધરપકડ કરી હતી. આ બનાવ અંગે સમગ્ર વિસ્તારમાં શોક અને આઘાતનું મોજું પ્રસરી જવા પામ્યું હતું.

# હિંમતનગર વૈશાલી સિનેમા નજીક બાઈક ડિવાઈડર સાથે ટકરાતા બાઈકચાલકનું મોત

હિંમતનગર, તા. ૮

હિંમતનગર શહેરના મોતીપુરાથી ખેદ તસીયા માર્ગ પર આવેલ વૈશાલી સિનેમા નજીક ગુરુવારના રોજ સાંજે મહેતાપુરાના બ્રહ્માણીનગરમાં કેશવ પાર્ક સોસાયટીમાં રહેતા અને હિંમતનગર ખાતે જીઈબીમાં ફરજ બજાવતા કેતનભાઈ મગનભાઈ રાઠોડ પોતાનું બાઈક નંબર જીજે-૯-પી-૧૬૬૧ લઈ મોતીપુરાથી પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા. દરમિયાન ૫.૩૦ વાગેના સુમારે રસ્તા વચ્ચે ભેંસોનું ટોળું આવી જતા તેની સાથે ટકરાયા હતા ત્યારબાદ ડિવાઈડર પર પડતા કેતનભાઈ રાઠોડને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક સારવાર માટે મેડીસ્ટાર હોસ્પિટલમાં લઈ ગયેલ જ્યાં સારવાર દરમિયાન શુક્રવારના રોજ બપોરે ૧૨ વાગેના સુમારે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે કનકભાઈ મગનભાઈ રાઠોડે ફરિયાદ નોંધાવી હતી.

# પીપલોદી ગામની સીમમાંથી ૮ જુગારીઓ ઝડપાયા

હિંમતનગર, તા. ૮

હિંમતનગરના પીપલોદી ગામની સીમમાંથી શુક્રવારે બપોરે પ્રોબેશનલ એસ.પી.એ બાતમીના આધારે જુગાર રમતા ૮ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. અને રોકડ સહિત અન્ય મુદ્દામાલ કબજે લઈ તમામ વિરૂદ્ધ જુગારધારાની કલમ હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ગ્રામ્ય પોલીસ મથકના પ્રોબેશનલ એસ.પી. નિર્લિપ્ત રાયને મળેલી બાતમીના આધારે શુક્રવારે બપોરે સ્ટાફના પોલીસકર્મી સાથે પીપલોદી ગામની સીમમાં આવેલ ખેતરની એક ઓરડીમાં દરોડો પાડ્યો હતો અને અંદર જુગાર રમતા ૮ જુગારીયાઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. દરોડા દરમિયાન બાતમી સ્થળેથી પોલીસે જુગાર સાહિત્ય સાથે રૂ. ૩૬ હજાર રોકડા, ૧૦ મોબાઈલ અને ત્રણ બાઈકો કબજે કર્યા હતા. પોલીસે જયદીપસિંહ મદનસિંહ પરમાર, ધર્મેન્દ્રસિંહ ભારતસિંહ પરમાર, અજયકુમાર મગનલાલ વણકર, જયદીપજી કોદરજી ચૌહાણ, અયુબભાઈ અલ્લારખા શેખ, પ્રવીણભાઈ બકાભાઈ વણકર, ઈરફાનભાઈ રજબમિયા શેખ અને સુરજસિંહ રણજીતસિંહ પરમારની વિરૂદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરમાં એ.વી.એમ. મશીનો લવાયા

ગુજરાત રાજયમાં આગામી વિધાનસભાને અનુલક્ષીને રાજયના દરેક જિલ્લામાં એ.વી.એમ. મશીનો આપી ચૂંટણી લક્ષી કામગીરીનો આરંભ કરવામાં આવ્યો છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં પણ હાલ ૭૫૦૦ એ.વી.એમ. મશીનો મોકલી આપવામાં આવ્યા છે. અને શહેરની પોલીટેકનીક કોલેજમાં ઓનલાઈન ચકાસણીની કામગીરી શરુ કરવામાં આવતા જ આગામી વિધાનસભાની ચૂંટણીને લઈ ચર્ચાએ ભારે જોર પકડયું છે.

# સી.ડી. પટેલ શાળાનું ગૌરવ

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાની ચુનીભાઈ દેસાઈભાઈ પટેલ માધ્યમિક શાળાનું ધો-૧૦નું પરિણામ ૬૧.૮૧ ટકા આવ્યું છે. શાળાના કુલ ૩૦૯ વિદ્યાર્થીઓમાંથી ૧૯૧ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. જેમાં શુભમ શાહ ૯૨.૪૦ ટકા સાથે પ્રથમ ક્રમે, વત્સલ શાહ ૮૯.૬૦ ટકા સાથે દ્વિતીય ક્રમે અને ક્રિમી શાહ ૮૯.૪૦ ટકા સાથે તૃતીય ક્રમે આવ્યો છે. શાળા પરીવારે દરેક વિદ્યાર્થીને અભિનંદન પાઠવી શુભેચ્છાઓ આપી છે.

# પીપલોદી નજીક રીક્ષામાંથી ૭૫ લીટર દેશી દારૂ સાથે એક પકડાયો

સાબરકાંઠા જિલ્લા હિંમતનગર તાલુકાના પીપલોદી ગામ નજીકથી શુક્રવારના રોજ સાંજે હિંમતનગર ટાઉન પોલીસમથકના ડી સ્ટાફના સોકાભાઈ દેસાઈ, ચંદુભાઈ વણજારા, ચંદ્રકાંતભાઈ પરમાર સહીત સ્ટાફએ બાતમીના આધારે રીક્ષા નંબર જીજે-૯-ઝેડ-૭૨૨૪ને રોકી તેમાં તપાસ કરતા કોથળામાં પ્લાસ્ટિકની થેલીઓમાં દેશી દારૂ ભરેલો ૭૫ લીટર કિંમત રૂ. ૧૫૦૦ તથા રીક્ષા ૮૦ હજારની મળી કુલ રૂ. ૮૧,૫૦૦નો મુદ્દામાલ સાથે મોતીપુરા જીઆઈડીસીમાં રહેતો ભોખરસિંહ પુજેસિંહ રાઠોડને પકડી પાડ્યો હતો જ્યારે રીક્ષાચાલક પદમસિંહ સરદારસિંહ રાઠોડ નાસી ગયો હતો. પોલીસે બે વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## આખરી જાહેરનામું

**જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને. ૧૮૯૪ નો ૧ લો)**

જિલ્લો : ગાંધીનગર

ક્રમાંક : સીબી/એલ.એ.કયુ./એસ.આર/૪/૨૦૧૦/૨૦૧૨ તા. ૧/૦૬/૨૦૧૨

ગુજરાત રાજયને લાગુ પડતો હોય તેટલા પુરતા જમીન સંપાદન અધિનિયમનો, ૧૮૯૪ (સને. ૧૮૯૪નો ૧લો)ની કલમ-૫૨ કની પેટા કલમ-(૨)થી મળેલ સત્તા હેઠળ બહાર પાડેલા તારીખ ૨૨-૧૨-૮૧ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક એ એમ/૮૧/૧૨૨૫/એમએલએકયુ/૧૦૮૧/ધ થી સદરહું અધિનિયમની કલમ-૧૭ હેઠળ મધ્યસ્થ સરકાર માટે અને તેના વતીના જમીન સંપાદન કરવાના કેસો, સદરહું અધિનિયમના ભાગ ૭ હેઠળ કંપનીઓ માટે જમીન સંપાદન માટે આખરી જાહેરનામું બહાર પાડવાની સત્તાઓ સિવાયની અને જે કેસોમાં જમીન સંપાદનની કાર્યવાહી સામે કલમ-૫ એ હેઠળ વાંધાઓ લેવામાં આવેલ ન હોય તેવી કલમ-૬ હેઠળ આખરી જાહેરનામું બહાર પાડવાની રાજય સરકારની સત્તા જિલ્લા કલેકટરને સોંપવામાં આવી છે.

જિલ્લાના કલેકટરના તા. ૩-૧૧-૨૦૧૧ના જાહેરનામા નં.સીબી/એલએકયુ/એસઆર/૪/૧૦-૨૦૧૧ અન્વયે એવું નિર્દેશ કરવામાં આવ્યું હતું કે, આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલ જમીનો (હવે પછી જેનો ઉલ્લેખ ઉકત જમીનો તરીકે કર્યો છે) આ સાથેની અનુસૂચિના ખાના ૪માં જણાવેલા સાર્વજનિક હેતુ માટે જરુરી બનવાનો સંભવ છે.

અને જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (૧૮૯૪ નો ૧ લો)ની કલમ-૫-કની પેટા કલમ (૨) મુજબના ખાસ જમીન સંપાદન અધિકારી, ગાંધીનગર જિલ્લાના અહેવાલ વિચારણામાં લીધા બાદ જિલ્લાના કલેકટરને એવી ખાતરી થઈ છે કે, હિત સંબંધ ધરાવતાં ઈસમો તરફથી કોઈ વાંધો લેવામાં આવેલ નથી અને ઉકત જમીનો આ સાથેની અનુસૂચિના ખાના-૪માં દર્શાવેલ સાર્વજનિક હેતુ માટે સરકારી ખર્ચે સંપાદિત કરવી જરુરી છે.

આથી ઉકત અધિનિયમની કલમ-૬ની જોગવાઈઓ અન્વયે એવું જાહેર કરવામાં આવે છે કે, ઉકત જમીનો આ સાથેની અનુસૂચિમાં ખાના ૪માં દર્શાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

તા. ૧૧-૧૦-૧૯૬૩ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : એલએકયુ/૨૨૬૨/૬૯૧૭૭/કે સાથે વાંચવામાં આવતા જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ની કલમ ૩ ના ખંડ (ગ) અન્વયે આથી ઉકત જમીનો અંગે હવે પછી હાથ ધરવાની થતી બધી કાર્યવાહીઓ બાબતમાં કલેકટરની ફરજો બજાવવા માટે ખાસ જમીન સંપાદન અધિકારી, ગાંધીનગરને નીમવામાં આવે છે. ઉકત જમીનોના સંપાદન માટેના હુકમ મેળવવાનું પણ ઉકત અધિનિયમની કલમ-૭ અન્વયે સાથે તા. ૧૧-૧૦-૧૯૬૩ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : એલએકયુ/૨૨૬૨/૬૯૧૭૭/કે વાંચતાં તેમને ફરમાવવામાં આવે છે.

ઉકત જમીનોનો નકશો ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરી ખાતે તપાસી શકાશે.

**અનુસૂચિ**

**એલ.એ.કયુ. નં.૪/૨૦૧૦**

| જેમાં જમીનો આવેલી હોય તે જિલ્લો, તાલુકો અને ગામ | સર્વે નંબર | જરૂરી જમીનોનું આશરે ક્ષેત્રફળ | જે માટે જમીનો જરૂરી હોય તે સાર્વજનિક હેતુ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| જિલ્લો-ગાંધીનગર તાલુકો-કલોલ ગામ-ડીગુચા | ૯૧ | ૦-૧૩-૦૯ | નારદીપુર-મોખાસણ-ડીગુચા-પાનસર રોડના હેતુ માટે. |
| | ૯૨ | ૦-૧૪-૪૯ | |
| | ૯૩ | ૦-૦૪-૨૭ | |
| | ૯૮ | ૦-૦૫-૪૮ | |
| | ૧૦૦ | ૦-૦૮-૯૦ | |
| | ૧૦૧ | ૦-૦૯-૪૦ | |
| | ૧૦૩ | ૦-૦૩-૯૮ | |
| | ૧૦૫ | ૦-૦૨-૮૫ | |
| | ૧૦૬ | ૦-૦૯-૧૬ | |
| | ૧૦૮ | ૦-૦૨-૦૧ | |
| | ૧૦૯ | ૦-૦૩-૧૦ | |
| | ૨૦૪ | ૦-૦૨-૧૩ | |
| | ૨૦૫/૧ | ૦-૦૩-૨૯ | |
| | ૨૦૫/૨ | ૦-૦૧-૯૧ | |
| | ૨૦૬ | ૦-૦૧-૮૬ | |
| | ૨૦૮ | ૦-૦૦-૬૪ | |
| | ૨૦૯ | ૦-૦૦-૭૧ | |
| | ૨૧૦ | ૦-૦૬-૬૫ | |
| | ૨૬૫ | ૦-૦૦-૩૨ | |
| | ૨૬૬/૧ | ૦-૦૧-૪૩ | |
| | ૨૬૮ | ૦-૦૩-૫૯ | |
| | ૨૬૯ | ૦-૦૮-૮૮ | |
| | ૨૭૨ | ૦-૧૧-૩૪ | |
| | ૨૭૩ | ૦-૦૫-૨૧ | |
| | ૨૭૭ | ૦-૦૮-૫૦ | |
| | ૨૭૮/૧ | ૦-૦૫-૫૬ | |
| | ૨૭૮/૨ | ૦-૧૦-૭૮ | |
| | ૨૭૮/૩ | ૦-૦૫-૩૫ | |
| | ૨૭૮/૪ | ૦-૧૪-૬૦ | |
| | ૩૮૪ | ૦-૦૪-૦૦ | |
| | ૩૮૫ | ૦-૧૧-૧૯ | |
| | ૩૮૬ | ૦-૦૭-૧૭ | |
| | ૩૯૨ | ૦-૦૫-૪૭ | |
| | ૩૯૩ | ૦-૦૯-૦૩ | |

સહી/-
**(હર્ષ યાદવ)**
ખાસ જમીન સંપાદન અધિકારી
ગાંધીનગર

સહી/-
**(પી. સ્વરૂપ)**
કલેકટર, ગાંધીનગર

**માહિતી/૫૦૦/૧૨-૧૩**

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ કલેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮